| GJGS020010482022 | દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૦૬/૦૪/૨૦૨૨ | | |
| | નિર્ણય તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૨ | ૧૪ |

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી એ. વી. ચૌધરી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**<u>ફોજદારી કેસ નં. ૭૯૭/૨૦૨૨</u>**
**<u>આંક:-</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | :- | શ્રી સરકાર<br>**(સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૫૨૨૦૦૨૦/૨૦૨૨)** |
| | | **<u>-:: વિરૂધ્ધ ::-</u>** |
| **<u>આરોપી</u>** | :- | **રામજીભાઇ વશરામભાઇ શિયાળ,**<br>ઉ. વ. ૪૪, ધંધો : ડ્રાઇવીંગ,<br>રહે. રાજુલા, હે. દોસીના પટમાં,<br>તા. રાજુલા, જી. અમરેલી. |
| **તહોમત** | :- | **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૪૨૭ મુજબ.** |
| | | ફરિયાદ પક્ષે :- વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમાર.<br>આરોપી તરફે :- વિ.વકીલશ્રી એ. એમ. પરમાર. |

**<u>-// ઠરાવ //-</u>**

**<u>ફરિયાદની વિગત :–</u>**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામ ના આરોપીએ ગઇ તા. ૧૬/૦૨/૨૦૨૨ ના કલાક ૦૯:૩૦ વાગ્યે ફરિયાદીના હવાલાનું ટ્રેકટર જેના રજી. નં. GJ-32-0564 વાળું બંધ હાલતમાં કાજલી માર્કેટીંગ યાર્ડ પાસે રોડની સાઇડમાં પાર્ક કરેલ હોય, આ વખતે ટ્રક(બોઘી) ૧૮ ટાયરવાળો જેના રજી. નં. GJ-14-Z-2324 ના ચાલક પોતાના હવાલાવાળો ટ્રક(બોઘી) બેદરકારીથી ચલાવી પાછળ જોયા વગર રીવર્સ લઇ ફરિયાદીના ટ્રેકટર સાથે ભટકવી અકસ્માત કરી ફરિયાદીના ટ્રેકટરમાં આશરે રૂા. ૪૦,૦૦૦/– ની નુકશાની કરી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ :–</u>**

(૨) ઉપર મુજબની વિગતે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદ અન્વયે સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૫૨ ૨૦૦૨૦/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૪૨૭ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સુચિપત્ર તૈયાર કરી તેની તપાસ, તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગિક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીને આ કેસના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાય આવતા તપાસ કરનાર અમલદારશ્રી તરફથી તપાસના અંતે ક્રિ. પ્રો. કોડ–૧૯૭૩ ની કલમ –૧૭૩ હેઠળ ચાર્જશીટ કરી અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, વેરાવળ સમક્ષ રજૂ કરતાં જે ચાર્જશીટ ફોજદારી કેસ નં. ૭૯૭/૨૦૨૨ થી રજીસ્ટરે લઇ અત્રેની અદાલતમાં તબદીલ કરવામાં આવતા આરોપી વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહી અત્રેની અદાલતથી ચલાવવામાં આવેલ છે.

**<u>કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–</u>**

(૩) આ કામના આરોપી સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીને સમન્સ કરવામાં આવતા આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં તેમણે ગુનો કર્યાનો ઈન્કાર કરતા આરોપી વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા :–</u>**

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| અ. નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરિયાદી–માનસીંગભાઇ રણધીરભાઇ બારડની જુબાની |
| ૨. | ૧૧ | સાહેદ–રાજેશભાઇ વરજાંગભાઇ બારડની જુબાની |
| ૩. | ૧૩ | સાહેદ–ભરતભાઇ રણધીરભાઇ બારડની જુબાની |
| ૪. | ૧૫ | સાહેદ–અજીતભાઇ રાજાભાઇ સોલંકીની જુબાની |
| ૫. | ૧૬ | પંચ સાહેદ–ભરતભાઇ ગોવિંદભાઇ ઝાલાની જુબાની |
| ૬. | ૧૮ | પંચ સાહેદ–ખીમાભાઇ પીઠાભાઇ બારડની જુબાની |
| ૭. | ૨૫ | સાહેદ–ત.ક.અ. જીતુભાઇ વિરભણભાઇ ગોહિલની જુબાની |

**<u>(બ) દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ. નં. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરિયાદ |
| ૨ | ૧૭ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૩ | ૨૬ | તપાસનો હુકમ |
| ૪ | ૨૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું અસલ |
| ૫ | ૨૮ | આરોપીના ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ |
| ૬ | ૨૯ | આરોપીના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૭ | ૩૦ | આર.સી.બુકની ઝેરોક્ષ નકલ |

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયાનું મૌખિક જાહેર કરેલ છે.

(૫) ઉપર મુજબના લેખિત તથા મૌખિક પુરાવા રજૂ થયા બાદ આરોપી તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી બાબતો અંગે ખુલાસો કરી શકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યક હોય અને આરોપીને તેમના બચાવનો પુરાવો રજૂ કરતાં પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોય તેથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ તેમની પ્લી લગત નોંધેલ છે જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી ફરિયાદ પક્ષના કેસ ની હકીકતોનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે અને તેઓ પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું અને પોતે બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવી અને વિશેષમાં જણાવેલ છે કે,‘‘ આ કામમાં અમો તદ્દન નિર્દોષ છીએ, અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, અમો મજુરી કરી અમોના પુરા પરીવારનું ગુજરાન ચલાવીએ છીએ, અમોએ આવું કોઈ કૃત્ય કરેલ નથી, અમોને સંડોવી દેવામાં આવેલ છે. જેથી અમોને નિર્દોષ છોડી મુકવા, આપ સાહેબને માનસર અરજ છે.’’

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ. એમ. પરમાર ની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૬/૦૨/૨૦૨૨ ના કલાક ૦૯:૩૦ વાગ્યે ફરિયાદીના હવાલાનું ટ્રેકટર જેના રજી. નં. GJ-32-0564 વાળું બંધ હાલતમાં કાજલી માર્કેટીંગ યાર્ડ પાસે રોડ ની સાઈડમાં પાર્ક કરેલ હોય, આ વખતે ટ્રક(બોઘી) ૧૮ ટાયરવાળો જેના રજી. નં. GJ-14-Z-2324 ના ચાલક પોતાના હવાલાવાળો ટ્રક(બોઘી) બેદરકારીથી ચલાવી પાછળ જોયા વગર રીવર્સ લઈ ફરિયાદીના ટ્રેકટર સાથે ભટકવી અકસ્માત કરી ફરિયાદીના ટ્રેકટરમાં આશરે રૂા. ૪૦,૦૦૦/- ની નુકશાની કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૪૨૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) " નકારમાં "
(૨) આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :-</u>**

(૯) ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાંસુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ

અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે ની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**<u>મુદ્દા નં. ૧ ના નિર્ણય માટેના કારણો :-</u>**

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં રાખી આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબ નો ગુન્હો ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો નોંધી તેનું તબકકાવાર મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો :-</u>**

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી-માનસીંગભાઈ રણધીરભાઈ બારડ કે જેઓ આ કામે ફરિયાદી છે, તેઓ તેમની આંક-૦૯ થી રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ધોરણ-૧૦ સુધી ભણેલ છે અને સુંદરપરા મુકામે ખેતીકામ કરે છે. બનાવ તા. ૧૬/૦૧/૨૦૨૨ ના રોજ બનેલ. બનાવ સવારના ૦૯:૩૦ એ કાજલી ફાટક પાસે બનેલ. બનાવ સમયે તેઓનું ટ્રેકટર નં. ૦૪૫૬ નંબરનું પડેલું હતું. તે વખતે ટ્રેકટર તથા ટ્રોલી બન્ને પાર્ક કરેલ હતાં તે જગ્યા એ એક મચ્છીના ટેન્કરવાળાએ ટેન્કર રીવર્સમાં લેતાં તેઓના ટ્રેકટર ને પાછળથી ઠોકર મારેલી. ટેન્કરના રજી. નંબર ફરિયાદમાં લખાવેલ જે હાલ તેઓને યાદ નથી. ટેન્કરના ચાલકનું નામની તેઓને ખબર નથી. તે ટેન્કરના ચાલકે તેઓના ટ્રેકટરમાં આશરે ૬૫,૦૦૦/- નું નુકસાન કરેલ. ટ્રેકટરમાં આગળના મોરો તથા રેડીયેટર તથા પાવર સ્ટેરીંગ તથા ડીઝલ ટાંકીમાં નુકસાન થયેલ હતું. મચ્છીના ટેન્કરમાં

કોઈ નુકસાની થયેલ નહીં. બનાવ બાદ તેઓએ ટેન્કર ચાલકને કહેલ કે નુકસાનીનો ખર્ચ તમે આપી દયો તેમણે નુકસાનીના ખર્ચની કોઈ રકમ તેઓને ચુકવેલ નહીં. આ બનાવ ટેન્કર ચાલકની બેદરકારીના કારણે બનેલ બનાવ બાદ તેઓએ ટેન્કર ચાલક વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. તેઓને તા. ૧૬/૦૨/૨૦૨૨ ના રોજ ની અસલ ફરિયાદ બતાવવામાં આવતા જેમાં નીચે તેઓની સહી છે. જે ઓળખી બતાવી અને જે આંક–૧૦ થી રજૂ કરેલ છે. આરોપીને જોયેથી ઓળખી શકે.સદર ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વખતે તેઓના હવાલાવાળા ટ્રેકટરના રજી. નં. જી.જે–૩૨–કે–૦૫૬૪ હતાં. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર ટેન્કર(ટ્રક) જેના રજી. નં. જી.જે–૧૪–ઝેડ–૨૩૨૪ હતાં. એ વાતની તેઓને ખબર નથી કે, તેના ડ્રાઈવરનું નામ રામજીભાઈ વશરામભાઈ શીયાળ, રહે. રાજુલાવાળા હતાં. એ વાત ખરી છે કે, પોલીસે તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. એ વાત ખરી છે કે, ઉપરોકત હકીકત તેઓએ તેની ફરિયાદમાં લખાવેલ છે.

સદર ફરિયાદીએ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ સુંદરપરાથી ટ્રેકટર લઈને કાજલી યાર્ડએ આવેલ અને ત્યાં રોડ ઉપર રાખેલ. એ વાત ખરી છે કે, ટ્રેકટર રોડ ઉપર રાખીને તેઓ યાર્ડમાં હિસાબ લેવા માટે ગયેલ. તેઓ ટ્રેકટર થી ૧૦૦ ફૂટ જેટલો દૂર હતો. એ વાત ખરી છે કે, વાહનનો વિમો કરાવવાનો હોય છે. ટ્રેકટર એક વર્ષ જુનુ હતું. ટ્રેકટરનો વિમો બે દિવસ પહેલાં પુરો થયેલ હતો. એ વાત ખરી છે કે, ટ્રેકટર અને ટ્રોલી બન્ને હતાં. એ વાત ખરી છે કે, ટ્રેકટરની પાછળ ટ્રોલી પણ હતી તે હકીકત ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદ લખાવ્યા બાદ પોલીસે

તેઓનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, ટ્રેકટર અને ટ્રોલીનું પાસીંગ અલગ–અલગ કરાવવાનું હોય છે. એ વાત ખરી છે કે, ટ્રોલીનું પાસીંગ કરાવેલું હતું જે તેઓના કે તેઓના ભાઈના નામે કરાવેલ હશે. એ વાત ખરી છે કે, રોડ ઉપર વાહન પાર્ક કરી ના શકે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રોડની સાઈડમાં વાહન પાર્ક કરેલું હતું. એ વાત ખરી છે કે, જે જગ્યાએ ટ્રેકટર પાર્ક કરેલ હતું ત્યાં પાર્કીંગની જગ્યા ન હતી.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૧૨) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–રાજેશભાઈ વરજાંગભાઈ બારડને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ હાલ તેઓને યાદ નથી, પરંતુ બનાવ આશરે ચારેક વર્ષ પહેલાં કાજલી માર્કેટીંગ યાર્ડ પાસે સવારના ૯ થી ૧૦ ના સમયગાળા દરમ્યાન બનેલ. બનાવ સમયે તેઓ તેના ઘરે હતા. બનાવ બાદ તેઓને તેના ભાઈ બારડ માનસીંગભાઈએ ફોન કરીને જાણ કરેલી કે, આપણું ટ્રેકટર જેના રજી. નંબર હાલ તેઓને યાદ નથી તે ટ્રેકટર સાઈડમાં પાર્ક કરેલું હતું. મચ્છી ભરવા માટેની બોઘી ના ચાલકે રીવર્સમાં લેતાં ટ્રેકટરને નુકસાન થયેલ. ટ્રેકટરમાં આગળ ના મોરો તથા રેડીયેટર તથા પાવર સ્ટેરીંગ તથા ડીઝલ ટાંકીમાં નુકસાન થયેલ હતું જે આશરે રૂા. ૬૫,૦૦૦/– નું હતું. બનાવ બાદ તેઓએ ટેન્કર ચાલક સાથે વાત કરેલી અને કહેલ કે નુકસાનીનો ખર્ચ તમે આપી દયો તેમણે નુકસાનીના ખર્ચની કોઈ રકમ ન ચુકવતા તેઓના ભાઈએ પોલીસમાં ફરિયાદ કરેલી.આ બનાવ ટેન્કર ચાલકની બેદરકારીના કારણે બનેલ. તેઓના જે ટ્રેકટરમાં નુકસાન થયેલ તેના રજી. નં. જીજે–૩૨–કે–૦૫૬૪ હતાં. ટેન્કરના ચાલક ના નામની કે તેમના રજી. નંબરની તેઓને ખબર નથી. આરોપીને જોયેથી ઓળખી શકે નહીં. બનાવની પોલીસ ફરિયાદ બાદ પોલીસે

તેઓનું નિવેદન લીધેલ.સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર ટેન્કર(ટ્રક) જેના રજી. નં. જીજે–૧૪–ઝેડ–૨૩૨૪ હતાં તે અંગેની જાણ તેઓને તેના ભાઈએ કરેલ. એ વાતની તેઓને ખબર નથી કે, તેના ડ્રાઈવરનું નામ રામજીભાઈ વશરામભાઈ શીયાળ, રહે. રાજુલાવાળા હતાં.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૪)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–ભરતભાઈ રણધીરભાઈ બારડ ને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ તા. ૧૬/૦૨/૨૦૨૨ ના રોજ કાજલી મુકામે માર્કેટીંગ યાર્ડ પાસે સવાર ના નવ સાડા નવ વાગે બનેલ હતો. બનાવ સમયે તેઓ તેના ઘરે સુંદરપરા મુકામે હતો ત્યારે તેઓના ભાઈ માનસીંગભાઈનો તેઓને ફોન આવેલો અને વાત કરેલી કે તેઓનું ટ્રેક્ટર જેના રજી.નં. જીજે–૩૨–કે–૦૫૬૪ હોય જેને એક ટેકરવાળાએ રીવર્સમાં લેતાં ટ્રેક્ટરને અડફેટે લીધેલ, જેમા ટ્રેકટરમાં રેડીયેટર, સ્ટેરીંગ આગળનો મોરામાં નુકસાન થયેલ હતું, આ નુકસાન આશરે રૂા. પાંસઠ હજાર ગણાય. તેઓએ ટેંકરના માલિકને બોલાવતા તેમણે નુકસાનીની રકમ ચુકવેલી તેમજ બનાવવાળી જગ્યાએ આવેલ. તેમજ અકસ્માત કરનાર ટેંકર સફેદ કલરનું હતું, તેના ડ્રાઈવરના નામની કે રજી.નં. ની તેઓને ખબર નથી. અકસ્માતનો બનાવ ટેકર ચાલકની ભુલના કારણે બનેલ, બનાવ સમયે તેઓ તેના ઘરે હોવાથી બનાવ નજરે

જોયલ ના હોય જેથી આરોપીનો જોયેથી ઓળખી શકે નહીં. બનાવ ની પોલીસ ફરિયાદ બાદ પોલીસે તેઓનું નિવેદન લીધેલું.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે તેઓ ઘરે હાજર હોય, તેઓને બનાવની કોઇ જાતમાહિતી નથી.

(૧૫) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–અજીતભાઇ રાજાભાઇ સોલંકી ને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વિશે પુછતા જણાવું છું કે, સન–૨૦૨૨ ની સાલમાં ચોકકસ તારીખ હાલ તેઓને યાદ નથી. આશરે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ તેઓ માર્કેટીંગ યાર્ડમાં નોકરી કરતાં હોય, બનાવવાળી જગ્યાએ હાજર હતો. ત્યારે એક ટ્રેકટરનું કન્ટેનર સાથે અકસ્માત થયેલ હતું. અકસ્માત તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા તે પહેલા બનેલ હતો. ટ્રેકટર કે કન્ટેનરનો નંબર યાદ નથી. આ સિવાય બનાવ બાબતે તેઓ બીજું કાંઇ જાણતા નથી. બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલ હતી.

સદર સાહેદની આરોપી તરફેની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

<u>પંચ સાહેદનો પુરાવો :–</u>

(૧૬) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ–ભરતભાઇ ગોવિંદભાઇ ઝાલાને આંક–૧૬ થી તથા બીજા પંચ સાહેદ–ખીમાભાઇ પીઠાભાઇ બારડને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૭ થી રજૂ થયેલ

સંબંધિત પંચનામામાં પંચ તરીકે સહી ઓળખાવ્યાથી વિશેષ કોઇ પુરાવો આપેલ નથી. આમ, સદર પંચ સાહેદોએ બનાવવાળી જગ્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરિયાદ પક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોની જુબાનીથી આંક–૧૭ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો :–</u>**

(૧૭) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–ત.ક.અ. જીતુભાઇ વિરભણભાઇ ગોહિલને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આ કામના તપાસ કરનાર અમલદાર છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા. ૧૬/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ સોમનાથ મરીન પો.સ્ટે.માં આદ્રી ઓ. પી. ઈ.ચા. તરીકે ફરજ પર હાજર હતાં તે દરમ્યાન પો. સ્ટે. ઓ. એસ.જી. ગોહીલનાઓએ સોમનાથ મરીન પો.સ્ટે.ગુ.ર.નં–૦૦૨૦/૨૨, આઇ.પી.સી. ૨૭૯,૪૨૭, મુજબના ગુનાના કામેની તપાસ તેઓને સોંપતા પ્રાથમિક કાગળો સાથેની તપાસ તેઓને પી. એસ. ઓ.એ સોંપતા તેઓએ સંભાળી લીધેલ. તપાસનો હુકમ આંક–૨૬ થી રજૂ છે. બાદ જે બનાવના કામે તેઓએ બનાવવાળી જગ્યાએ જઇ જોતાં એક ટ્રેકટર જેના રજી. નં. જી.જે.૩૨.કે.૦૫૬૪ વાળું તથા તેની બાજુમાં ટ્રક જેના રજી. નં. જી.જે.૧૪.ઝેડ.૨૩૨૪ ના પડેલા હોય, જેથી બાજુમાંથી બે પંચોના માણસોને બાોલાવી બનાવવાળી જગ્યાનું પંચનામું કલાક–૧૮:૩૦ થી ૧૯:૦૦ સુધીનું કરેલ. જે અસલ પંચનામું આક–૨૭ થી રજૂ છે. બાદ સદર બનાવમાં ટ્રેકટર રોડની બાજુમાં પાર્ક કરેલ હોય અને ટ્રકના ડ્રાઇવર રામજીભાઇ વશરામભાઇ શીયાળ, રહે. રાજુલા, જી. અમરેલીવાળાએ પોતાના હવાલાનું ટ્રક બેદરકારીથી ચલાવી પાછળ જોયા વગર રીવર્સ લઇ ફરિ. ટ્રેકટર સાથે ભટકાવી આશરે કિં. રૂા.૪૦૦૦૦/– નું નુકસાન કરેલ હોય જે ગુનાના કામે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ, બાદ

હાલના આરોપી રામજીભાઇ વસરામભાઇ શીયાળને સદર ગુનાના કામે એરેસ્ટ મેમો ભરી અટક કરી રજૂ કરેલ તેમજ વાહનોના કાગળો વિગેરે મેળવી એમ.વી.એકટ–૨૦૭ મુજબનો ડીટેન મેમો આપી લાયસન્સ, આધાર કાર્ડ તથા આર.સી.બુક વિગેરે કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે ક્રમશ: આંક–૨૮ થી ૩૦ સુધીના રજૂ કરેલ છે. જે તપાસના અંતે ટ્રેકટરને કિં.રૂા. આશરે ૪૦,૦૦૦/– જેટલુ નુકસાન કરી ગુનો કરેલાનું તપાસ દરમ્યાન ફલિત થતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ સોમનાથ મરીન પો.સ્ટે.માં સન–૨૦૧૯ થી ૨૦૨૨ સુધી ફરજ બજાવતા હતા. બનાવ સન–૨૦૨૨ ની સાલમાં બનેલ. એ વાત ખરી છે કે, બનાવ કાજલી માર્કેટીંગ યાર્ડ પાસે બનેલ. એ વાત ખરી છે કે, ટ્રેકટર રોડની બાજુમાં પાર્ક કરેલ હતું. એ વાત ખરી છે કે, ટ્રેકટર પાર્ક કરેલ હતું,તે જગ્યા પાર્કીંગની ન હતી. એ વાત ખરી છે કે, જાહેર રોડ ઉપર વાહન પાર્ક કરી શકાય નહીં.

**<u>સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૮) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે મૂળ ફરિયાદી– માનસીંગભાઇ રણધીરભાઇ બારડે આંક–૦૯ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષ તરફેની ઉલટ તપાસમાં અમુક સુચક પ્રશ્નોના જવાબો હકારમાં આપેલ છે અને ત્યારબાદ આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જે જગ્યાએ ટ્રેકટર પાર્ક કરેલ હતું ત્યાં પાર્કીગની જગ્યા ન હતી. તેમજ હાલના આરોપીએ જ પોતાના હવાલાવાળું ટેન્કર ફરિયાદીના ટ્રેકટર સાથે અથડાવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને

પોતાની સરતપાસમાં ટેન્કરના ચાલનું નામ ખબર ન હવાનું જણાવેલ છે. આમ, ફરિયાદીના પુરાવાથી હાલના કહેવાતા બનાવ માં હાલના આરોપીની કોઇ સંડોવણી હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આ ઉપરાંત આ કામે આંક–૧૧ થી સાહેદ–રાજેશભાઇ વરજાંગભાઇ બારડ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે જ રીતે આંક–૧૩ થી સાહેદ–ભરતભાઇ રણધીરભાઇ બારડ પોતાના સોગંદ ઉપરના બનાવમાં અકસ્માતો બનાવ બનેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અકસ્માત કરનાર વાહનના રજી.નંબર અને ડ્રાઇવરની ખબર ન હોવાનું અને બનાવ નજરે જોયેલ ન હોય જેથી આરોપીને ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હાજર હોય તેઓને બનાવની કોઇ જાત માહિતી નથી. તે જ રીતે આ કામે આંક–૧૫ થી સાહેદ–અજીતભાઇ રાજાભાઇ સોલંકી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં અકસ્માતો બનાવ બનેલ હોવાનું જણાવે છે, જે બનાવ તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા તે પહેલ બનેલ હતો અને ટ્રેકટર કે કન્ટેનરના નંબર યાદ ન હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત સાહેદોના પુરાવાથી પણ હાલના આરોપીની હાલના ગુન્હામાં સંડોવણી હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આ ઉપરાંત આ કામે આંક–૧૬ થી પંચ સાહેદ–ભરતભાઇ ગોવિંદભાઇ ઝાલા તથા આંક–૧૮ થી પંચ સાહેદ–ખીમાભાઇ પીઠાભાઇ બારડ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૧૭ વાળા પંચનામામાં સહી સિવાયની કોઇ હકીકતને સમર્થન કરેલ નથી. આ ઉપરાંત આ કામે આંક–૨૫ થી સાહેદ–ત.ક.અ. જીતુભાઇ વિરભણભાઇ ગોહીલ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પોતે હાલના ગુન્હાના કામે તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરેલ છે અને આરોપી તરફેની ઉલટ

તપાસમાં સ્વીકારેલ છે કે,બનાવ કાજલી માર્કેટીંગ યાર્ડ પાસે બનેલ, ટ્રેકટર રોડની બાજુમાં પાર્ક કરેલ હતું, ટ્રેકટર પાર્ક કરેલ હતું, તે જગ્યા પાર્કીંગની ન હતી, જાહેર રોડ ઉપર વાહન પાર્ક કરી શકાય નહીં. આમ, તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ ફરિયાદીએ જયાં વાહન પાર્ક કરેલ હતું તે જગ્યા પાર્કીંગની ન હતી. તેમજ ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી હાલના ગુન્હાના કામે હાલના આરોપીની કોઈ સંડોવણી હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય અને પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી ન હોય તે સંજોગોમાં એકમાત્ર તપાસ કરનાર અમલદારના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૯) આમ, ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, હાલના કામે અકસ્માતનો બનાવ બનેલ હોવાનું અને તે બનાવમાં ફરિયાદીના ટ્રેકટરમાં નુકશાની થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, પરંતુ સદર અકસ્માત આ કામના આરોપીએ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ બનાવમાં આ કામના આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું ન હોય અને એ રીતે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૪૨૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું.

(૨૦) આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને

ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી રામજીભાઈ વશરામભાઈ શિયાળ, રહે. રાજુલા, ઠે. દોસીના પટમાં, તા. રાજુલા, જી. અમરેલી વાળાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૪૨૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા. ૫૦૦૦/- ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૨૦મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૨૫૦)**